નવી બાબત

નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી
ગાંધીનગર માટે બે નવા વાહનો માટે ની
બજેટ જોગવાઇ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૨૭/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૩-૦૪-૨૦૧૮

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૧૫/૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ એન-૩/સ્ટોર/નવીબસબત/૧૮-૧૯/નવાવાહન/કમિ.કચેરી/આઇસીડીએસ/ ૨૦૯૫-૯૭/ ૧૮-૧૯

ઠરાવઃ-

સંદર્ભ (૧) અન્વયે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી ગાંધીનગર માટે બે નવા વાહનો તથા જિલ્લા કચેરીઓ માટે ૩૩ મળીને કુલ ૩૫ નવા વાહનો માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજ પત્રમાં બજેટમાં નવી બાબત તરીકે રૂ. ૨.૦૮ કરોડ ની જોગવાઇ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

સંકસ્લિત બાળ વિકાસ યોજના અન્વયે આંગણવાડીઓના સંચાલન સુચારુ અને ઝડપી મોનિટરીંગ અને સુપરવિઝન માટે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી ગાંધીનગર માટે પ્રતિ વાહન રૂ.૬/- લાખ મુજબ બે નવા વાહનો (ટાટા સુમો (ડીઝલ) અથવા ટાટા વિક્ટા (ડિઝલ) (બિન વાતાનુકૂલિત) માટે રૂ.૧૨,૦૦,૦૦૦/- (રૂપિયા બાર લાખ પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક- જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાંકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહી.

(૯) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની રહેશે.

(૧૧) ઉકત મંજૂરી અન્વયે ખરીદી કરતા પહેલાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.
માંગણી નં. :- ૧૦૬ (આયોજન)
મુખ્ય સદર :- ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ,ખાધ અને પીંણાની વહેચણી
ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.
પેટા સદર :- ૧૯, મિશન બલમ સુખમ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨-૪-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ